૨

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉચ્ચ અભ્યાસક્રમમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે કુલ ૦૫ કુમાર/કન્યા સરકારી છાત્રાલયો શરૂ કરવા માટેની બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૦૨૦૧૮/૬૨૨૦૧૪/ન.બા-૪/અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૧૨/૧૧/૨૦૨૦

**વંચાણે લીધાઃ-**

(૧) આ વિભાગનો તા.૦૯/૦૯/૨૦૧૯નો સરખા ક્રમાંકનો ઠરાવ

(૨) નિયામકશ્રી(વિ.જા.ક.)નો તા.૨૧/૦૧/૨૦૨૦નો પત્ર ક્રમાંક: વિજાક/સ.છા./ન.બા./૨૦૧૯-૨૦/૪૬

(૩) નિયામકશ્રી(વિ.જા.ક.)નો તા.૨૮/૦૨/૨૦૨૦નો પત્ર ક્રમાંક: વિજાક/સ.છા./૨૦૧૯-૨૦/૧૨૨

(૪) નિયામકશ્રી(વિ.જા.ક.)નો તા.૦૧/૧૦/૨૦૨૦નો પત્ર ક્રમાંક: વિજાક/સ.છા./ન.બા/૨૦૨૦-૨૧/ ૧૨૧૨

**આમુખ:-**

વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના ઠરાવથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના ઉચ્ચ અભ્યાસક્રમમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ૦૩ કુમાર છાત્રાલયો-સૂચિત સ્થળો (૧)નવસારી,(૨) મહિસાગર-લુણાવાડા, (૩) બોટાદ તથા ૦૨ કન્યા છાત્રાલયો-સૂચિત સ્થળો (૧) પાટણ (૨) દેવભૂમિ-દ્વારકા એમ કુલ ૦૫ નવા સરકારી છાત્રાલયો શરૂ કરવા માટે વહીવટી મંજૂરી આપેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક (૨) અને (૪) પરના પત્રોથી હાલમાં પાટણ જિલ્લામાં જે એક સરકારી કન્યા છાત્રાલય હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ, પાટણ ખાતે ચાલે છે તેને કોલેજ કક્ષા તરીકે તથા નવી મંજૂર થયેલ સરકારી કન્યા છાત્રાલયને ધો.૧૧-૧૨ તથા ડિપ્લોમા કક્ષાના છાત્રાલય તરીકે માન્યતા આપવા તેમજ વંચાણે લીધેલ ક્રમાંક (૩) પરના પત્રથી દેવભૂમિ દ્વારકા જિલ્લા માટે નવી મંજૂર થયેલ સરકારી કન્યા છાત્રાલય દેવભૂમિ-દ્વારકા જિલ્લામાં ખંભાલીયા ખાતે શરૂ કરવાની મંજૂરી

(P.T.O.)

આપવા અંગે નિયામકશ્રી(વિ.જા.ક.)એ દરખાસ્ત કરેલ હતી, જેને મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**<u>ઠરાવ:-</u>**

[૧] પાટણ જિલ્લામાં હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ, પાટણ ખાતે અગાઉથી કાર્યરત સરકારી કન્યા છાત્રાલયને કોલેજ કક્ષા તરીકે તથા વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના ઠરાવથી પાટણ જિલ્લા ખાતે નવી મંજૂર થયેલ સરકારી કન્યા છાત્રાલયને ધો.૧૧-૧૨ તથા ડિપ્લોમા કક્ષાના છાત્રાલય તરીકે માન્યતા આપવા તેમજ [૨] વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના ઠરાવથી દેવભૂમિ દ્વારકા જિલ્લા માટે નવી મંજૂર થયેલ સરકારી કન્યા છાત્રાલય દેવભૂમિ-દ્વારકા જિલ્લામાં ખંભાલીયા ખાતે શરૂ કરવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ની તા.૦૪/૧૧/૨૦૨૦ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

યુ.કે.પા ૧૮૬

(યુ. કે. પાઠક)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

<u>નકલ રવાના:-</u>

(૧) માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૨) માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

(૩) અધિક મુખ્ય સચિવશ્રીના અંગત મદદનીશ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૪) સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૫) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.

(૬) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૭) તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૮) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.

(૯) સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી(વિ.જા.) (નિયામકશ્રી મારફત)

(૧૦) સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ

(૧૧) સિલેકટ ફાઇલ